

## રાષ્ટ્રધ્વજની ગરિમા-મહિમા જાળવવાના નિયમો

1. રાષ્ટ્રધ્વજની ઉપર કે તેની જમણી બાજુએ બીજા કોઈ પણ ધ્વજ કે સંજ્ઞા મૂકી શકાતા નથી. બીજા ધ્વજ રાષ્ટ્રધ્વજનીડાબી બાજુએ મૂકાય છે. બીજા ધ્વજ સહિત ઊંચો કરવો હોય તો રાષ્ટ્રધ્વજ સૌથી પહેલો ઊંચો કરવામાં આવે છે અને સૌથી છેલ્લે નીચે લાવવામાં આવે છે. રાષ્ટ્રધ્વજ બીજા ધ્વજોની સાથે લહેરાવવાનો હોય ત્યારે તે સૌથી મથાળે ફરકવો જોઈએ. તેને સીધા કે આડા ન ઊંચકતા હંમેશ ઊંચો જ રાખવો જોઈએ.
2. રાષ્ટ્રધ્વજ કાઠી પર બારીએ કે કઠોરાના મકાનમાં મૂકવાનો હોય ત્યારે કેસરી રંગ ઉપર જ આવવો જોઈએ. સરકારી કચેરી પર લગાવાતો રાષ્ટ્રધ્વજ રાત્રિના ઉતારી લેવાનો હોય છે.
3. સત્તાવાર ધ્વજ ફરકાવવા માટે ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઇન્સ્ટિટયૂટ દ્વારા રાષ્ટ્રધ્વજ માટે ઘડાયેલા ધોરણસરના અને ધોરણ ચિહ્નોવાળા રાષ્ટ્રધ્વજનો જ ઉપયોગ કરવો. બીજા પ્રસંગોએ પણ યોગ્ય કદના રાષ્ટ્રધ્વજને ફરકાવવા ઇચ્છનીય છે.
4. રાષ્ટ્રધ્વજને સરઘસ કે સમૂહ કૂચમાં લઈ જવાતો હોય ત્યારે ધ્વજ કૂચની જમણી બાજુએ રહેવો જોઈએ.
5. રાષ્ટ્રધ્વજને વક્તાના મંચ પર રાખવાનો હોય તો વક્તાની જમણી બાજુએ રહેવો જોઈએ. તેમ જો થઈ શકે તેમ ન હોય તો વક્તાની પાછળ અને તેનાથી ઊંચા સ્થાન પર રાખવો જોઈએ.
6. પ્રતિમાની અનાવરણ વિધિ જેવા પ્રસંગોએ રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાનો હોય ત્યારે તે સ્પષ્ટ રીતે દેખાય તે રીતે અને જુદો તરી આવે તેમ રાખવો જોઈએ.
7. મોટર પર જ્યારે રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો હોય ત્યારે મોટર સાથે અગ્ર ભાગમાં સજ્જડ બેસાડવામાં આવેલા સળિયા પર તે ફરકવો જોઈએ.
8. નુકસાન પહોંચેલું હોય તેવો ફાટેલો, ચોળાયેલો રાષ્ટ્રધ્વજ ફરકાવી શકાતો નથી.

રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું કાર્ય ત્વરિત થવું જોઈએ અને તેને ઉતારતી વખતે ધીમે ધીમે વિધિપૂર્વક ઉતારવો જોઈએ.

9. રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે ત્યારે તે માનભર્યા સ્થાને હોવો જોઈએ. સ્પષ્ટ રીતે દેખાઈ આવે તે રીતે ગોઠવાયેલો હોવો જોઈએ.
10. જાહેર મકાનો પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે ત્યારે તે રવિવાર અને રજાના દિવસો સહિત બધા જ દિવસોએ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી હવામાન ગમે તે પ્રકારનું હોય તો પણ ફરકાવી શકાશે.
11. રાષ્ટ્રધ્વજને આડી કાઠી સાથે અથવા બારી કે છાના ખૂણે પડતો અથવા મકાનના અગ્ર ભાગમાં ફરકાવવામાં આવનાર હોય ત્યારે કાઠીના છેડાના ભાગ તરફ રાષ્ટ્રધ્વજનો કેસરી પટ્ટો રહેવો જોઈએ. રાષ્ટ્રધ્વજ કાઠી સિવાય બીજી રીતે દીવાલ પર સપાટ અને આડો ફરકાવવાનો હોય ત્યારે રાષ્ટ્રધ્વજનો કેસરી પટ્ટો ઉપર રહેવો જોઈએ. જ્યારે તેને ઊભો ફરકાવવાનો હોય ત્યારે રાષ્ટ્રધ્વજની રહેનારની એ ડાબી બાજુએ રહે તેમ રાખવો.
12. રાષ્ટ્રધ્વજમાંથી બીજા કોઈ સુશોભન માટેની આકૃતિ બનાવી શકાય નહીં.
13. બીજા રંગીન કાપડના ટુકડાઓને રાષ્ટ્રધ્વજનો આભાસ થાય તે રીતે ગોઠવી શકાશે નહીં. રાષ્ટ્રધ્વજને જમીન પર કે ભોંય પર અડકાવી શકાશે નહીં અથવા તો પાણીમાં બોળતો રાખી શકાતો નથી.
14. રાષ્ટ્રધ્વજને નુકસાન પહોંચ્યું હોય કે ખરડાઈ ગયો હોય ત્યારે તેને ગમે ત્યાં નાંખી દઈ શકાય નહીં. તેનો ખાનગીમાં નાશ કરી શકાશે. કોઈ પણ ગૂંચળાની ઉપર રાષ્ટ્રધ્વજને લપેટી શકાતો નથી.
15. પોષાક કે ગણવેશના ભાગ તરીકે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરી શકાય નહીં.
16. સરકારી કે લશ્કરી અંતિમવિધિ સિવાય કોઈ પણ પ્રસંગે રાષ્ટ્રધ્વજનો આચ્છાદિત તરીકે ઉપયોગ કરી ન શકાય.
17. રાષ્ટ્રધ્વજ પર કોઈ જાતના શબ્દો ચીતરી શકાતા નથી. કોઈ પણ વસ્તુ ઝીલવામાં, આપવામાં, પકડવામાં રાષ્ટ્રધ્વજનો ઉપયોગ એક સાધન તરીકે રાખી શકાશે નહીં.

**Aug 13,2009 ના રોજ સંદેશ દૈનિકમાં પ્રકાશિત**